હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૧૦ અંક-૧ સળંગ અંક-૯૩ માહે-રજબ હિજરી-૧૪૪૬ જાન્યુઆરી-૨૦૨૫
તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## બદલતા મંતવ્યોનું સામાજિક અવલોકન

રજૂઆતઃ મોહમદ હુસૈન ધડા, પોરબંદર

સમીકરણો બદલે એ કુદરતી પ્રક્રિયા છે. પરંતુ મંતવ્યો બદલે એ માનવીય પ્રકૃતિ છે. સમીકરણો બદલે તો મોટા ભાગે સારા પરિણામોનો અણસાર માનવામાં આવે છે. જો કે નકારાત્મક અને કપટયુકત બદલેલા સમીકરણો નુકશાન પણ કરે છે. આપણે સૌ વર્તમાન સમયમાં વિવિધ સ્વરૂપે બદલતા સમીકરણો અને તેના પરિણામોથી સારી રીતે અવગત છીએ. કયાંક સામાજિક, કયાંક રાજકિય સમીકરણો બદલતા જોવા મળે છે. સામાજિક સમીકરણોનું બદલવું ચોકકસપણે સારા પરિણામો લાવવા સમર્થ હોય છે. પરંતુ રાજકિય સમીકરણો બાબત ન કોઇ આપણે મંતવ્ય આપી શકીયે છીએ કે ન રોકી શકીયે છીએ.

અહીં લેખક બદલતા સામાજિક સમીકરણો અને તેના કારણે લોકોના બદલતા મંતવ્યો ઉપર થોડી છણાવટ કરવા માગે છે. જેના એક યા બીજી રીતે આપણે સૌ પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાક્ષી હોઇએ છીએ. વ્યક્તિગત વાત કરીયે તો દરેક સમાજમાં કોઇ વ્યક્તિ પોતાના સમાજમાં ખૂબ જ પ્રતિષ્ઠિત હોય છે, તો કોઇ સામાન્ય હોય છે, કોઇ ઉચ્ચ શિક્ષિત હોય છે તો કોઇ અલ્પ શિક્ષિત, કોઇ પ્રતિભાશાળી હોય છે, કોઇ શાંત હોય છે, કોઇ ઉગ્ર હોય છે. અલગ અલગ પ્રકૃતિના વ્યક્તિઓ હોય છે. દરેક વ્યક્તિની પોતાની સમજશક્તિ, સહનશક્તિ અને શિક્ષણ ક્ષમતા હોય છે.

વ્યક્તિગત અવલોકન દ્વારા એવું જોયું છે કે સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ પોતાની આસપાસ મોટા ભાગે એવા વ્યક્તિઓ જ હોવા ઇચ્છે છે કે જે તેની સાથે મહત્તમ સહમત રહેતા હોય. જો કે બધા કિસ્સામાં આવું નથી હોતું. એવા વ્યક્તિઓ હંમેશા એવી વ્યક્તિ જ ખોજતા રહેશે જે તેમની દરેક વાતમાં સહમતી અને અનુમતિ જ દર્શાવે. પોતાની સાથે સહમત રહેનાર વ્યક્તિને હંમેશા બિરદાવતા રહે છે, તેમની જાહેરમાં પ્રશંસા કરતા રહે છે. અને એ વ્યક્તિ પ્રત્યે પોતાનું એક અલગ મંતવ્ય બાંધી રાખે છે. પરંતુ આવા વ્યક્તિ પોતાની વિરૂધ્ધની વાત અથવા બીજા શબ્દોમાં કહીયે તો અસહમતી બર્દાશ્ત નથી કરી શકતા. જો કોઇપણ વાત કે કામમાં એ વ્યક્તિ અસહમતી કે વિરોધ દર્શાવે એ ઘડી એ તે વ્યક્તિ તરફ એમનું મંતવ્ય ઘડીના ચોથા હિસ્સામાં બદલી જાય છે. બીજું એક અવલોકન એ છે કે સામાજિક કે રાજકિય ચર્ચાઓમાં જો એ વ્યક્તિ ક્ષણભર પર સામો થાય તો તેનાથી ખરાબ બીજું કોઇ નથી હોતું, જે આજ સુધી તેમની નજરમાં કિંમતી હીરો હોય છે. આપણે એ અભિગમ અપનાવી નથી શકતા કે અંગત સંબંધો અલગ અને રાજકિય, સામાજિક ચર્ચાઓ અલગ રાખીએ. જો આપણે એવું કરી શકીયે કે જે આપણું ખુબ અંગત છે, ખુબ જ પસંદીદા વ્યક્તિ છે, તેની સાથે કોઇ પ્લેટફોર્મ પર વૈચારિક તફાવત કે ટકરાવ થઇ પણ રહયો હોય તો પણ એ પ્લેટફોર્મની બહાર સંબંધોની મીઠાસમાં કોઇ ફર્ક ના પડે.

લેખકનું આ પ્રત્યક્ષ અવલોકન અને અનુભવ પણ છે કે એ પ્રકારના વ્યક્તિઓ બહુ જલ્દી કોઇ વિષે મંતવ્ય બાંધી લેતા હોય છે અને એટલી જ જલ્દી એમના મંતવ્યો બદલાઇ પણ જતા હોય છે. બીજું એ કે એ વ્યક્તિઓ આપણી સમક્ષ બીજા વિષે પોતાના મંતવ્યો પ્રકટ કરતા હોય છે અને એ થી ય આગળ કહીયે તો એમના દ્વારા બાંધવામાં આવેલ મંતવ્ય સાથે આપણે સહમત થવું પડે, નહીંતર આપણા થી ખરાબ બીજું કોઇ ના હોઇ શકે. અને મજાની વાત એ હોઇ છે કે જયાં સુધી આપણે એમના મન મુજબ સારા હોઇએ ત્યાં સુધી જે એમના માટે મુજબ ખરાબ છે, એ જયારે આપણે એમના માટે મુજબ ખરાબ થઇ જઇશું ત્યારે જે ખરાબ હશે એ ખુબ જ સારા બની જશે, કારણ કે કોઇ સમક્ષ તો આપણા વિષે એમનું મંતવ્ય પ્રકટ કરવું જ રહયું અને રસપ્રદ વાત એ છે, આ પ્રકારના વ્યક્તિઓ મોટા ભાગે ઉચ્ચ શિક્ષિત અને પ્રતિભાશાળી પણ હોય છે. જેનું કારણ કદાચ એવું કહી શકાય કે શિક્ષણ અને પ્રતિષ્ઠાની સાથે અહ્‌મ ફ્રીમાં આવી જતું હોય છે. બહુ ઓછા પરંતુ આપણી બિરાદરીમાં એવા ય મહાન વ્યક્તિઓ મોજૂદ છે જે ઉચ્ચ શિક્ષિત છે, ખુબ જ પ્રતિભાશાળી પણ છે, પ્રતિષ્ઠિત પણ છે, આર્થિક, સામાજિક દરેક બાબતે સક્ષમ પણ છે, છતાં વિનમ્રતાને કયારેય ત્યજી નથી અને હંમેશા સંબંધોમાં વ્યક્તિગત, પારિવારિક,

અનુસંધાન પાના નં. ૫ ઉપર

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# રાજકોટ જમાઅત દ્વારા શૈક્ષણિક ઈનામી મેળાવડો સંપન્ન

અહેવાલઃ ઝમીર ઘુમરા, રાજકોટ

રાજકોટ ખાતે આજે રવિવારે પરંપરાગત ખત્રી જમાઅતનો વર્ષ ૨૦૨૪નો શૈક્ષણિક ઇનામી મેળાવડો યોજાયો હતો. જેમાં સૌ પ્રથમ કુરાને પાકની તિલાવત કરીને પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી. ૧૪૨ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. રાજકોટ જમાઅતના તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓ જેવી અતિ ભારે કિંમતી ભેટ સોગાદો આપવામાં આવતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઇ ગયા હતા. રૂા. ૬૦ હજારના ધરખમ ઇનામો આ તકે રાજકોટ જમાઅત દ્વારા અપાયા હતા. એટલું જ નહિ, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન રાજકોટ દ્વારા જમાઅતને રોકડ ભેટ તથા હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ રાજકોટ દ્વારા કોલેજના તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તેમજ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન પોરબંદર દ્વારા ધોરણ ૮ થી ૧૨ ફર્સ્ટ રેન્ક સ્ટુડન્ટ તથા કોલેજના તમામ ૨૪ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. જૂનાગઢ જમાઅત દ્વારા ધોરણ ૧ થી ૧૨ માં દ્વિતિય આવનારને રોકડ પુરસ્કાર તેમજ માજી પ્રમુખ હાજી હારૂન મુહંમદ છનછરા તરફથી ધો. ૧ થી ૧૨ માં ફર્સ્ટ આવનારને રોકડ પુરસ્કાર તથા ઓસમાણ અલીમામદ ગિરાચ-રાજકોટ તરફથી દરેકને વોટર બોટલ પણ આપવામાં આવ્યા હતા. ધો. ૧ થી ૧૨ ના ફર્સ્ટ અને થર્ડ રેન્ડ લાવનાર વિદ્યાર્થીઓને તથા કોલેજના તમામ વિદ્યાર્થીઓને રાજકોટ જમાઅતના પ્રમુખ સિરાજ આદમ વલોરોના વાલિદ અને વાલિદા દ્વારા કવર આપવામાં આવેલ હતા તથા જમાઅતમાં આગળ સેવા બજાવી ચૂકેલા મહાનુભાવો જે મર્હુમ થઇ ગયેલ તેમના વારસને એક ખીરાજે અકીદત પેસ કરીને એક મોમેન્ટો આપવામાં આવેલ હતો.

**સૌએ ભરપૂર વખાણ કર્યા. શાનદાર ઈનામો મેળવી વિદ્યાર્થીઓ ખુશખુશાલ**

આ સમારંભમાં આ સાથે ૧૧મી શરીફની રાબેતા મુજબ વાર્ષિક ન્યાજ પણ રાખવામાં આવેલ હોય સ્વાદિષ્ટ જર્દો તથા તમતમતી અકની સૌને પીરસવામાં આવેલ. આ ભોજન લીધા બાદ સૌએ સ્વાદિષ્ટ ભોજન હોવાની પ્રતીતિ કરાવી હતી. ભરપૂર સંખ્યામાં યોજાયેલ આ ખત્રી મેળાવડો ખરેખર શાનદાર બની રહયો હતો. એટલું જ નહિ, સ્થાનિક બિરાદરોના સહકારથી જાજરમાન ઇનામો મેળવી વિદ્યાર્થીઓ ખુશખુશાલ થયા હતા.

અત્રે એ નોંધનિય છે કે, હંમેશા જાજરમાન ઇનામો આપવામાં રાજકોટ જમાઅત ફરી મોખરે રહી છે. હોલમાં ડેકોરેશન કરાયેલ મંચ બનાવાયો હતો, જેનું આકર્ષણ પણ સારૂં એવું રહયું હતું. રાજકોટ જમાઅત કારોબારી સમિતિના તમામ હોદ્દેદારો સભ્યો ઉપરાંત યંગ કાર્યકરો તથા લેડીઝ કમિટી દ્વારા સમગ્ર વ્યવસ્થા જાળવવામાં આવી હતી. એ સાથે સાથે 'ઇમામુલ કૌમ' પરિવારના સૌજન્યથી રાજકોટ જમાઅત દ્વારા દરેક વિદ્યાર્થીને આકર્ષક 'ગૌરવ પત્ર' એનાયત કરવામાં આવેલ, જે આ જમાઅતની આગવી વિશિષ્ટા રહી છે.








આજના મેળાવડામાં આ સમયે આખો હોલ તાળીઓના

અનુસંધાન પાના નં. ૫ ઉપર...

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

# ઈમાનીયાત કા બયાન

**નહમદુહુ વનોસલ્લીઅલા રસુલે હીલ કરીમ. અઉઝો બીલ્લા હે મીનશ્શૈતાનીર્રજીમ. બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ.**
હુદલ લીલ મુત્તકીનલ લઝીન યુઅમેનુન બીલ ગૈબે વ યુકીમુનસ સલાત વ મીંમ્મા રઝકનાહુમ યુનફીકુન સદકલ્લાહુલ અઝીમ.

**હદીષે પાક :** હઝરત ઉમર બીન ખત્તાબને ફરમાયા કે એક રોઝ હમ રસુલે ખુદા સલ્લલ્લાહો અલૈહેવસલ્લમ કી ખિદમત મે હાઝીર થે કે અચાનક એક શખ્સ હાઝીર હુવા. જીસકે કપડે બહોત સુફૈદ થે ઔર બાલ નિહાયત સીયાહ થે. ન ઈસ શખ્સ પર સફર કા કોઈ નિશાન થા ઔર ન હમમેં સે કોઈ ઈસે પહેચાનતા થા. યહાં તક કે વોહ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કે સામને બૈઠ ગયા ઔર દોઝાનુ હો કર ઘૂટને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કે ઘૂંટને સે મીલા દીએ ઔર અપને દોનોં હાથ અપની રાનું પર રખ લીએ ઔર અર્ઝ કિયા, એય મોહંમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ! મુઝકો ઈસ્લામ કી હકીકત કે બારે મે આગાહ ફરમાઈએ. હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને ફરમાયા, ઈસ્લામ યે હૈ કે તું ગવાહી દે ઈસ ઈમ્ર કી કે ખુદાએ ત્આલા કે સીવા કોઈ મઅબુદ નહીં ઔર મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ખુદાએ ત્આલા કે રસુલ હૈ ઔર તું નમાઝ અદા કરે, ઝકાત દે, રમઝાન કે રૌઝે રખ્ખે ઔર ખાન એ કઅબાહ કા હજ્જ કરે ઔર અગર તું ઈસકી ઈસ્તીતાઅત (તાકાત) રખતા હો. ઈસ શખ્સને યે સુનકર અર્ઝ કિયા, આપને સચ્ચ ફરમાયા (રાવી કહેતે હૈ કે) હમ લોગો કો તઅજુબ હુવા કે યે શખ્સ દરયાફત ભી કરતા હૈ ઔર (ખુદ હી) તસ્દીક ભી કરતા હૈ.

ફીર ઈસને પુછા, ઈમાન કી હકીકત ફરમાઈએ. આપને ફરમાયા (ઈમાન યે હૈ) કે, તું ખુદાએ ત્આલા ઔર ઉસકે ફરીશ્તું નીઝ ઉસ્કી કિતાબું ઔર રસુલું ઔર કિયામત કે દીન પર યકીન રખ્ખે ઔર તકદીર કી ભલાઈ કો દિલ સે માને. (મુસ્લિમ શરીફ)

## ✪ નમાઝ કી ફઝીલત હદીષ કી રોશની મેં ✪

રિવાયત મે આયા હૈ કે, જબ કિયામત હોગી તો નમાઝીઓં કો જન્નત કી તરફ જાને કા હુકમ હોગા. પહેલા ગિરોહ જબ જન્નત મે દાખિલ હોગા તો ઉનકે ચેહરે સુરજ કી તરહ રોશન હોંગે. ફરીશ્તે ઉનસે પૂછેંગે, તુમ કૌન હો ? વોહ કહેંગે, હમ હંમેશા નમાઝ પળ્હા કરતે થે. ફરીશ્તેં પૂછેંગે, તુમ્હારી નમાઝોં કા કયા હાલ થા ? વો કહેંગે, જબ હમેં અઝાન કી આવાઝ સુનાઈ દેતી ઉસ વકત હમ મસ્જિદ મે પહેલે હી સે મૌજૂદ હોતે થે...

ફીર દૂસરા ગિરોહ દાખિલ હોગા, જીનકે ચેહરે ચૌદવી કે ચાંદ કી તરહ ચમકતે હોંગે. ઉનસે પૂછા જાએગા, વોહ કહેંગે, હમ નમાઝ પળ્હને વાલે થે. ફીર પૂછા જાએગા, તુમ્હારી નમાઝોં કા કયા હાલ થા ? વોહ કહેંગે, હમ અઝાન સે પહલે હી વુઝુ કર લેતે થે ઔર જબ અઝાન સુનતે થે ફૌરન મસ્જિદ મે હાજીર હો જાતે.. ફીર તીસરા ગિરોહ દાખિલ હોગા. જીનકે ચેહરે સિતારોં કી તરહ ચમકતે હોંગે. ઉનસે પૂછા જાએગા, વોહ કહેંગે, હમ નમાઝ પળ્હા કરતે થે. ફીર પૂછા જાએગા, તુમ્હારી નમાઝો કા કયા હાલ થા ? વો કહેંગે હમ અઝાન સુનને કે બાદ નમાઝ કે લીએ વુઝુ કર લેતે થે.. (નુઝહતુલ્મજાલીસ)

## ✪ માહે રમઝાન શરીફ કી ફઝીલત ✪

**હદીષ શરીફ :** હઝરત સલ્માન ફારસી રદીયલ્લાહુ અન્હુને કહા કે, હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને શઅબાન કે આખરી દીન મે વઅઝ ફરમાયા, એય લોગો ! તુમ્હારે પાસ અઝમતવાલા બરકતવાલા મહિના આયા. વોહ મહિના જીસમે એક રાત હઝાર મહિનો સે બહેતર હૈ. ઉસકે રોઝે અલ્લાહ તઆલાને ફર્ઝ કીયે ઔર ઈસ રાત મે કયામ કરના (તરાવીહ પઢના) કરાર દિયા હૈ. જો ઈસમે નેકી કા કોઈ કામ કરે (યાને નફલ ઈબાદત કરે) તો ઐસા હૈ જૈસા ઓર મહિને મે ફર્ઝ અદા કરે ઔર જીસને એક ફર્ઝ અદા કીયા તો ઐસા હૈ જૈસે ઔર દિનો મે સત્તર (૭૦) ફર્ઝ અદા કીએ. યેહ સબ્ર કા મહિના હૈ ઔર સબ્ર કા સવાબ જન્નત હૈ. ઔર યેહ ગમખ્વારી કા મહિના હૈ ઔર ઈસ મહિને મે મોઅમીન કા રીઝક બળહાયા જાતા હૈ. જો ઈસ મે રોઝાદાર કો ઈફતાર કરાએ ઉસકે ગુનાહ કે લીએ મગ્ફીરત હૈ ઔર ઉસકી ગરદન દોઝખ સે આઝાદ કર દી જાએગી. ઔર ઈસમે ઈફતાર કરાનેવાલે કો વૈસા હી સવાબ મીલેગા જૈસા રોઝા રખનેવાલે કો મીલેગા. બગૈર ઉસકે કેહ ઉસકે સવાબ મે કુછ કમી વાકીઅ હો.


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

હમને અર્ઝ કીયા, યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ હમમે સે હર શખ્સ વોહ ચીઝ નહીં પાતા જીસસે રોઝા ઈફતાર કરાએ. હુઝૂરને ફરમાયા, અલ્લાહ તઆલા યેહ સવાબ ઉસ શખ્સ કો ભી દેગા જો એક ઘૂંટ દૂધ યા એક ખજૂર યા એક ઘૂંટ પાની સે ઈફતાર કરાએ ઔર જીસને રોઝાદાર કો પેટભર કર ખાના ખિલાયા ઔર ઈસકો અલ્લાહ તઆલા મેરે હૌઝ સે સૈરાબ (પીલાએગા) કરાએગા. કભી પ્યાસા ન હોગા.. યહાં તક કે જન્નત મે દાખિલ હો જાએગા.

યે વોહ મહિના હૈ કે ઈસકા ઈબ્તેદાઈ હિસ્સા રહમત હૈ ઔર ઈસકા દરમ્યાની હિસ્સા મગ્ફીરત હૈ ઔર ઈસકા આખરી હિસ્સા જહન્નત સે આઝાદી કા હૈ ઔર જો અપને ગુલામ (નોકર) પર ઈસ મહિને મે તખફીફ (નરમાઈ) કરે યાને કામ લેને મે કમી કરે તો અલ્લાહ તઆલા ઉસે બખ્શ દેગા ઔર જહન્નમ સે આઝાદ ફરમાએગા. (બેહકી શરીફ)

### ✪ ઝકાત કે ફઝાઈલ ✪

બ કૌલે હાદીએ ઉમ્મત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ રિવાયત કરતે હૈ અબુ હુરેરાહ વ અબુ સઈદ રદીયલ્લાહુ અન્હુમા કે, રસુલે પાક સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને ખુત્બહ પળ્હા ઔર ફરમાયા કે કસમ હૈ ઉસકી જીસકે હાથ મે મેરી જાન હૈ યે બાત તીન બાર ફરમાઈ ફીર (હમારે આકાને) સર જુકા લીયા. તો હમ સબને ભી સર જુકા લીયા ઔર રોને લગે. યે મઅલુમ નહીં કે કીસ ચીઝ પર કસમ ખાઈ. ફીર હુઝૂરને સર મુબારક ઉઠા લીયા ઔર ચેહરએ અકદ્દસ પર ખુશી ઝાહીર હુઈ તો હમેં યે બાત સુરખ ઉંટું સે ઝીયાદા પ્યારી થી ઔર ફરમાયા, જો બંદા પાંચ નમાઝે પળતા હૈ ઔર રમઝાન કા રોઝા રખતા હૈ ઔર ઝકાત દેતા હૈ ઔર સાત કબીરહ ગુનાહ સે બચતા હૈ ઉસકે લીએ જન્નત કે દરવાઝે ખોલ દીયે જાએંગે ઔર ઉસસે કહા જાએગા કિ સલામતી કે સાથ દાખિલ હો જા. (નીસાઈ-ઈબ્ને માજા)

### ✪ હદીષે પાક સે ફરમાને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ✪

● હુઝૂરને ફરમાયા ઝકાત ઈસ્લામ કા પુલ હૈ. ● હુઝુરને ફરમાયા ઝકાત દેકર અપને માલ કો મઝબુત કીલે મે કર લો. ● હુઝૂરને ફરમાયા, જીસને અપને માલ કી ઝકાત અદા કર દી બેશક ! અલ્લાહ તઆલાને ઉસસે શર (બુરાઈ) દૂર ફરમા દી. ● હુઝુરને ફરમાયા, તુમ્હારે ઈસ્લામ કા પુરા હોના યે હૈ કે અપને અમ્વાલ (માલ) કી ઝકાત અદા કરો. ● હુઝુરને ફરમાયા, જો કૌમ ઝકાત ન દેગી અલ્લાહ તઆલા ઉસે કહત (દુષ્કાળ) મેં મુબતલા ફરમાએગા. ● હુઝૂરને ફરમાયા, ખુશ્કી (ઝમીન) તરી (દરયા) મે જો માલ તલ્ફ (હીલાક) હોતા હૈ વોહ ઝકાત ન દેને સે તલ્ફ (હીલાક) હોતા હૈ.

### ✪ હજ્જ કી ફઝીલત ✪

હદીષે પાક તીબરાની કબીર મે ઔર બઝાર ઈબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હુમા સે રાવી કહેતે હૈ કે મૈં મસ્જિદે મીના મે નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કી ખિદમત મે હાઝીર થા. એક અન્સારી એક ષકફીને હુઝૂર કી ખિદમત મે હાઝીર હોકર સલામ અર્ઝ કિયા. ફીર કહા, યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કુછ પૂછને કે લીયે હુઝૂર કી ખિદમત મે હાઝીર હુએ હૈ. ઈરશાદ ફરમાયા, અગર તુમ ચાહો તો મૈં બતા દું કે કયા પૂછને હાઝીર હુએ હો ઔર અગર ચાહુ તો મૈં કુછ ન કહું તુમ હી સવાલ કર લો. અર્ઝ કી, યા રસુલુલ્લાહ ! હમેં બતા દિજીએ. ઈરશાદ ફરમાયા, તુ ઈસ લીએ હાઝીર હુવા હૈ કે ઘર સે નિકલ કર બૈતુલ્હરામ કે કસદ (ઈરાદે) સે જાને કો દરયાફત કરે ઔર યે કે ઈસમે તેરે કીયા લીએ ષવાબ હૈ ઔર તવાફ કે બાદ દો રકઅતે પળહને કો ઔર ઈસમે તેરે લીએ કીયા ષવાબ હૈ ઔર સફા વ મરવહ કે દરમ્યાન (બીચમે) સઈ (દોડનેમે) કો ઔર યે કે ઈસમે તેરે લીએ કીયા ષવાબ હૈ ઔર અરફાત કી શામ કે વુકુફ (રોકાવું) કો તેરે લીયે ઈસમેં કીયા ષવાબ હૈ ઔર જીમાર (શૈતાન) કી રમી (કાંકરી મારવી) ઔર ઈસમે તેરે લીએ કીયા ષવાબ હૈ ઔર કુરબાની કરને કો ઔર ઈસમે તેરે લીએ કીયા ષવાબ હૈ ઔર ઈસકે સાથ તવાફે ઈઝાફા કો.

ગરઝ યે ઈસમે બુન્યાદી પાંચ જરૂરી બાબત કા તઝકેરા હુવા હૈ જીસમે બહોત મુખ્તસર છોટી છોટી હદીષે પાક લીખી ગઈ હૈ. મગર બશરી તકાઝુ કી બીના પર ગલતી કા વુજુદે ખાલી અઝ ઈમકાન નહીં. બરાએ કરમ અગર કિસી કિસ્મ કી ગલતી યા ખામી પાઈ જાએ તો જરૂર તહરીરી તૌર પર ઈસલાહ ફરમાયે.

- **જામેઆ ફાતેમાતુઝઝહરા લીલ બનાત,** પાંચદ્વારકા, તા. વાંકાનેર, જી. મોરબી

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઈ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

અનુસંધાન પાના નં. ૧ નું ચાલુ....
સામાજિક દરેક બાબત અલગ રાખી શકે છે.

એમ જોવા જઈએ તો ખરા આગેવાન પણ એ જ કહી શકાય જે પોતાના અંગત મંતવ્યને ક્યારેય બહુધા સમાજના અભિપ્રાય ઉપર હાવી ન થવા દે. એ જ રીતે સંબંધો પણ માત્ર સ્વપ્રશંસા પૂરતા જ ન રાખે બલ્કે પોતાની રજૂઆતની સામે વિરોધાભાસી પ્રત્યુત્તર આપનાર પરત્વે પોતાનો મંતવ્ય એ વિરોધના લીધે બદલ ન જાય. વિરોધ સમક્ષ ઉભું રહેવું એ આપણી પારદર્શિતા બતાવે છે. અને વિરોધીને અવગણવું એ આપણી નબળાઇ દર્શાવે છે. દરેક વાતમાં હું જ સાચો હોઉં એ શક્ય નથી. મહત્તમ કિસ્સાઓમાં હું સાચો હોઇ શકું, પરંતુ ક્યાંક મારી પણ ભૂલ હોઇ શકે છે, એ સ્વીકારવાની ક્ષમતા જ શ્રેષ્ઠીમાં હોય એ પોતાના મંતવ્યો જલ્દી બદલતા નથી અને સંબંધોમાં સાતત્ય જાળવી શકે છે અને જેને એવો જ વ્હેમ હોય કે હું હંમેશા સાચો જ હોઉં છું અને હું જે કહું તે વાત બધા એ નિર્વિવાદ સ્વીકારવાની જ, એ વ્યક્તિના મંતવ્યો જલ્દી બદલી જતા હોય છે અને સંબંધો પણ ઋતુની જેમ બદલતા રહેતા હોય છે.

અલ્લાહ આપણને સૌને વિનમ્ર રહેવાની, એકબીજાને સમજવાની, સંબંધોમાં સાતત્ય જાળવવાની અને હું ના અહમ્‌થી દૂર રહેવાની નેક હિદાયત બખશે.. આમીન.

અનુસંધાન પાના નં. ૨ નું ચાલુ...
ગડગડાટથી ગાજતો રહ્યો હતો.

હંમેશા યોજાતા રહેતા રાજકોટ જમાઅતના મેળાવડામાં આ વખતનો મેળાવડો શાનદાર બની રહ્યો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓના પુરસ્કાર પણ ચડીયાતા બની રહ્યા હતા. આ માટે થઈને રાજકોટ જમાઅતના તમામ હોદ્દેદારો અને સભ્યોને નવયુવાન નવનિયુકત ઉત્સાહી પ્રમુખ સિરાજ આદમ વલોરાની સુજબુજમાં સમગ્ર કમિટીએ સૂર પુરાવી રંગ લાવી દીધો હતો. સેવાભાવીઓએ સવારથી લઈને હોલ ખાલી થયો ત્યાં સુધી ખડે પગે સેવા બજાવી હતી. બીજી તરફ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન અહેમદ રઝા મચ્છર-જૂનાગઢ તથા જનાબ આસિફ અ.ખાલિદ છાટબાર એ કરેલ હતું. શરૂઆતમાં કારી મુસ્તુફા રઝા રવશીયા એ શાનદાર તિલાવત નાત રજૂ કરેલ હતી.

બીજી નોંધનીય બાબત એ કે, પહેલીવાર funny ક્વિઝ કોન્ટેસ્ટ રાખવામાં આવી હતી, જેમાં સૌએ ભાગ લીધો હતો અને સાચા ઉત્તર આપનારને ભેટ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહારના મહેમાનોએ ભરપૂર પ્રશંસા કરી હતી. અત્રે એ નોંધનિય છે કે, આ મેળાવડા માટે ક્યાંય ફાળો કરાતો નથી, માત્ર સ્થાનિક પરિવારો યથાશક્તિ જે આપે છે તે રકમમાંથી આ ઇનામો અપાય છે. સવારે ૧૦-૦૦ વાગ્યે શરૂ થયેલ આપણાં સમાજની ભારતના બીજા ક્રમે આવતી, એકંદરે ગરીબ મનાતી આ રાજકોટ જમાઅતનો કાર્યક્રમ પોતાની જમાવટ સાથે બપોરે ૪-૦૦ વાગ્યે પૂરો થયેલ હતો.

એકંદરે રાજકોટમાં યોજાયેલ શૈક્ષણિક ઇનામી મેળાવડો ખૂબ જ સફળ રહ્યો હતો. રાજકોટ હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅતના કારોબારી કમિટી તથા સ્થાનિક કાર્યકરોની ભગીરથ અને અવિરત મહેનતના પરિણામસ્વરૂપે આ આયોજનને ચાર ચાંદ લાગી ગયા હતા.

## શુભારંભ

રાજકોટના રહીશ જનાબ ડૉ. અમીન મોહંમદ ગિરાચના મોટા પુત્ર ડૉ. દાનીસ અમીન ગિરાચ એ નવું કલીનીક શરૂ કરેલ છે. આ ખુશીના પ્રસંગે ડૉ. અમીન ગિરાચ પરિવાર તરફથી રૂા. ૫૦૧ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ. **ડૉ. દાનીસ ગિરાચ તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી બિરાદરોને તા. ૧૩-૧૨-૨૦૨૪ થી ત્રણ માસ સુધી વિના મૂલ્યે સારવાર આપવાનું જાહેર કરેલ છે.** ડૉ. દાનીસના આ ઉમદા કાર્યને હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ તથા ટાઇમ્સ ઓફ ખત્રી બિરદાવે છે.

**:: ડૉ. દાનીસના કલીનીકનું સરનામું ::**

**વેલનેસ કલીનીક**, ૨-સેવન હિલ્સ એપાર્ટમેન્ટ, મોચી નગર સામે, આર.સી.કે. પાર્ક પાસે, શ્યામનગર મેઈન રોડ, રાજકોટ. **મો.નં. (ડૉ. દાનીસ) ૯૦૫૪૨ ૮૭૨૯૭, (ડૉ. અમીન) ૯૯૯૮૫ ૪૧૯૫૪**

## આપનું લવાજમ તુરંત કાર્યાલયે જમા કરાવો.

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# પ્રેમ: એક અદ્‌ભૂત તત્વ

ચમકારો
ડૉ. ગની પટેલ

પ્રેમથી સંબંધોની શરૂઆત થાય છે કે સંબંધોથી પ્રેમની શરૂઆત થાય છે એ જાણવું કે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. આમ છતાં એ જરૂર કહી શકાય કે એ બન્ને પરસ્પર રહીને વિકસે છે. માણસ પ્રેમનો ભૂખ્યો છે એ પ્રેમ પછી કોઈપણની સાથે હોય પણ પ્રેમ વગર માણસ જીવી શકતો નથી એ હકીકત છે. પ્રેમ માણસને જીવતા શીખવે છે અને પ્રેમથી માણસ જીવી શકે છે. પ્રેમ વગર માણસ, માણસ મટી જાય છે અને જ્યારે પ્રેમ ખીલે છે ત્યારે માણસ ફૂલની જેમ ખીલી ઉઠે છે. પ્રેમ કોને કરવો એની કોઈ વ્યાખ્યા નથી કે કોઈ માપ કે મર્યાદા પણ નથી. માણસનું મન જ્યાં આવે ત્યાં પ્રેમ થાય છે કે પ્રેમ કરે છે. દુનિયામાં અનેક એવા લોકો છે જે માત્ર પ્રકૃતિને પ્રેમ કરે છે. કોઈ પોતાના સ્વજનોને પ્રેમ કરે છે, કોઈ બાપ દિકરો પ્રેમ કરે છે, કોઈ ભાઈ બહેનને પ્રેમ કરે છે, કોઈ ભાઈ ભાઈને તો કોઈ બહેનને પ્રેમ કરે છે. કોઈ માં દિકરાને કે દિકરીને પ્રેમ કરે છે અને વળી કોઈ પ્રેમી પોતાની પ્રેમિકાને પ્રેમ કરે છે પણ માણસ છે માટે એ જરૂરથી કોઈને તો પ્રેમ કરે જ છે. અહીં આપણે જે પ્રેમના સંબંધોની વાત કરી એ પ્રેમ દરેક સંબંધોમાં અલગ રીતે પાંગરે છે અને પાંગરીયા પછી અલગ રીતે નિખરે છે એ પ્રેમની પોતાની ખાસિયત છે.

આપણે જાણીએ છીએ કે પ્રકૃતિને પ્રેમ કરનારો માણસ કેટલો વિશાળ દિલનો છે. કારણ કે પ્રકૃતિ એટલે શું? પ્રકૃતિ એટલે પથ્થર, પ્રકૃતિ એટલે સોળે કળાએ ખીલેલી વનરાઈ, પ્રકૃતિ એટલે ખળખળ વહેતી નદી કે ઝરણા, પ્રકૃતિ એટલે લીલાછમ જંગલ, પ્રકૃતિ એટલે બરફથી ઢંકાયેલા ઊંચા ઊંચા પહાડો, પ્રકૃતિ એટલે વનસ્પતિથી લથપથ ડુંગરા અને ખીણ, પ્રકૃતિ એટલે મોલાતથી ઝૂમી ઉઠેલા ખેતરો, પ્રકૃતિ એટલે પશુ, પંખીઓના કલરવથી ગુંજી ઉઠતા જંગલ, પ્રકૃતિ એટલે વેરાન જંગલો, પ્રકૃતિ એટલે રેતીના થર જામલા રણ, પ્રકૃતિ એટલે ઘૂઘવાટ કરતાં મહાસાગર, પ્રકૃતિ એટલે આસમાનમાં ટમટમતા તારલાઓ, પ્રકૃતિ એટલે દિવસે ઝળહળતો સૂરજ કે રાત્રે ઠંડી રોશની આપતો ચંદ્ર, પ્રકૃતિ એટલે પાતાળમાં ભરેલો અગ્નિ કે પાતાળમાં ભરેલો પાણીનો ભંડાર, પ્રકૃતિ એટલે માસણના મન મોહી લેતા સપાટ મેદાનો, પ્રકૃતિ એટલે જ્યાં જમીન અને આસમાનનું મિલન થાય એ ક્ષિતિજ કે પ્રકૃતિ એટલે માનવ મહેરામણથી હિલોળા લેતાં અને હૈયાથી હૈયા દળાતા હોય એ માહોલ? ના દોસ્તો, પ્રકૃતિ એટલે આ બધાનો સમન્વય એટલે પ્રકૃતિપ્રેમી તો ખુદાની સંપૂર્ણ ખુદાયને જે પ્રેમ કરતો હોય એવો પ્રેમી અને લાંબી નજરથી જોઈએ તો એ ખરો પ્રેમી!

મતલબ કોઈ એક પાત્રને પ્રેમ કરનારો પ્રેમી, પ્રેમી નથી એમ નહીં પણ એ મર્યાદામાં પ્રેમ કરનારો પ્રેમી ખરો. આવા પ્રેમી ક્યારેક પ્રેમથી વિમુખ પણ થઈ શકે છે. જ્યારે પ્રકૃતિનો પ્રેમી ક્યારેય વિમુખ નથી થતો કારણ કે આવા પ્રેમીને અનેક પ્રકારનો પ્રેમ કુદરત આપે છે માટે ત્યાં પ્રેમની કોઈ મર્યાદા નથી માટે પ્રકૃતિ પ્રેમી હંમેશા પ્રેમમાં તરબોળ રહે છે અને વિમુખ થતો નથી. વળી માણસ જ્યારે માણસને પ્રેમ કરે છે ત્યારે ત્યાં સ્વાર્થની ભાવના પણ વિકસે છે જ્યારે કોઈપણ પ્રેમમાં સ્વાર્થનો જન્મ થાય છે ત્યારે પ્રેમનું ખૂન થાય છે અને પ્રેમ શબ્દ ઉપર કલંક લાગે છે. આમ તો કોઈ શબ્દ કે વસ્તુ ઉપર કલંક લગાડવું એ માનવ માત્રનો સ્વભાવ છે. માણસે કોઈ એવો વિષય છોડ્યો નથી કે તેમાં તેને કલંક ન લગાડ્યું હોય એટલે જ તો માણસ સાથે પ્રેમ કરતાં પહેલાં માણસ અનેક વખત વિચારે છે કે હું જ્યાં પ્રેમ કરવા માંગુ છું એમની સાથે પ્રેમ કરવો કે નહીં? જો કે પ્રેમની દુનિયા થોડી અલગ પણ છે. પ્રેમ એક એવું તત્વ છે કે એ ઘણી વખત માણસને વિચારવાની તક નથી આપતો અને થઈ જાય છે. આવા પ્રેમ ક્યારેક પરાકાષ્ટા સુધી જાય છે તો ક્યારેક એ મંઝીલ સુધી પહોંચ્યા પહેલા ખંડિત થાય છે અને માનવજાત ઉપર પ્રેમના ખૂનનો આરોપ લાગે છે.

માણસ સિવાયના જે પ્રેમ છે એ નિઃસ્વાર્થ હોય છે માટે ત્યાં કલંક લાગવાનો પ્રશ્ન નથી એટલે એ તંદુરસ્ત પ્રેમ છે. આપણે જોઈએ છીએ કે એક ફૂલને પ્રેમ કરતું પતંગિયું પોતાના પ્રેમમાં ફિદા થઈ ગયા પછી એ પોતાની જાતને પ્રેમ માટે ન્યોચ્છાવર કરે છે પણ ફૂલની સાથે દગો કરતું નથી. કેટલો મસ્ત પ્રેમ હોય છે, એકબીજા પ્રત્યે કેટલું નિર્દોષ આકર્ષણ હોય છે અને પરસ્પરનો ભાવ કેટલો સુંદર હોય છે એ માણસે ફૂલ અને પતંગિયા પાસેથી શીખવું રહ્યું! આમ તો પ્રેમ ઉપર કોઈનો અખત્યાર નથી, પ્રેમ દરેક માટે છે પણ અફસોસ અને દુઃખ એ બાબતનું છે કે દરેક પ્રેમને નિભાવી શકતા નથી. આપણે તો માણસ જાતને એ નિર્દોષભાવે કહીએ કે કાંતો પ્રેમ કરવો નહીં અને પ્રેમ કરવો હોય તો પ્રેમને નિભાવવો પછી પ્રેમમાં કોઈ શરત ન હોય. કારણ કે જ્યાં શરત હોય ત્યાં પ્રેમ ન હોય.

પ્રકૃતિના દરેક જીવમાં આ સંદેશ માત્ર માણસ સુધી જ પહોંચાડવો પડે એવું છે, બાકીના દરેક જીવ તો પ્રકૃતિને સાચા દિલથી પ્રેમ કરે છે માટે ત્યાં પ્રેમ ખૂબ જ સલામત છે. આવો આપણે બધાં પ્રકૃતિને પ્રેમ કરીએ અને પ્રેમના પ્રેમી બનીએ કારણ કે માણસને જીવવા માટે પ્રેમ ખૂબ જ અગત્યનું તત્વ છે, તેના રહસ્યને સમજીએ અને પ્રેમી બનીએ.

Since 1945

જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

## About the Book




***7 Steps to Reboot Your Well-Being: AHolistic Health Guide for the Crucial Period in Your Life.*** *It outlines seven causes of all sickness and seven strategies to heal you.*
*The healthy Aging part of the book outlines Imperatives to Aging, bio -hacks and tips for the crucial period in your life.*

*Part three discusses various chronic diseases as dealt with by different treatment modalities besides conventional medicine.*

## About the Healthy Aging Foundation

The Healthy Aging Foundation (HAF) is a not-for-profit educational organization of collaborative kindred spirits that empowers aging by sharing our cumulative knowledge and wisdom.

There is a great deal of research and science available in the area of Healthy Aging, the purpose of HAF is to bring the knowledge at the local and personal level through discussions and publications.

Resources and Guides:
https://healthyaging.foundation/

Max Haroon, Healthy Aging Foundation contact@maxharoon.org © 2024

Download this article at:
https://drive.google.com/file/d/18drWzi9AvGDtiGWpriDRMrMfJTk3M875/view?usp=sharing

# સમાચાર દર્પણ

## શાદી મુબારક

પોરબંદર (હાલ વિજયાનગરમ્)ના રહીશ મર્હુમ અ.મજીદ હાજી દાઉદ ધડાના પુત્ર જનાબ મો.હુસૈન અ.મજીદ ધડાના નેક ફરઝંદ **મો.ઝૈદ** ની નિકાહ સુરતના રહીશ જનાબ મો.ઉમર અ.ગફાર અલીમામદ ધડાની નેક દુખ્તર **ઉઝમા** ની નિકાહ તા. ૮-૯-૨૦૨૪ના રોજ પોરબંદર મુકામે થયેલ છે. તેમજ પોરબંદરના રહીશ મર્હુમ અ.મજીદ હાજી દાઉદ ધડાના પુત્ર મોહંમદ ઝુબેરની નેક દુખ્તર **સનાબાનુ** ની શાદી ધોરાજીના રહીશ જનાબ સલીમ મો.ઉમર મચ્છરના નેક ફરઝંદ **સમીર** સાથે તા. ૮-૯-૨૦૨૪ના રોજ પોરબંદર મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે મર્હુમ અ.મજીદ હાજી દાઉદ ધડા-પોરબંદર તેમજ મર્હુમ આમદ હાજી દાઉદ ધડા (વડોદરા, હાલ-U.S.A.) તરફથી ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦, પોરબંદર જમાઅતને રૂા. ૫૦૦૦ ડોનેશન તેમજ ૨૪ ખુરશી ભેટ આપવામાં આવેલ છે. તેમજ ખત્રી અંજુમનને રૂા. ૨૫૦, તંગદસ્ત ફંડ રૂા. ૨૫૦, લિલ્લાહ ફંડ રૂા. ૨૫૦, બક્ષિસ ફંડ રૂા. ૨૫૦, જનરલ ડે.કે. ફંડ રૂા. ૨૫૦, જનરલ ગૃહ ઉદ્યોગ ફંડ રૂા. ૨૫૦, સ્કોલરશીપ ફંડ રૂા. ૨૫૦, જનરલ બેકારી ફંડ રૂા. ૨૫૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

દમણના રહીશ મર્હુમ અ.ગફાર અલીમામદ ધડાના પુત્ર મો.ઉમર (સુરત)ની નેક દુખ્તર **ઉઝમા** ની નિકાહ વિજયાનગરમ્ના રહીશ જનાબ મો.હુસૈન અ.મજીદ ધડાના નેક ફરઝંદ **મો.ઝૈદ** સાથે તા. ૮-૯-૨૦૨૪ના રોજ પોરબંદર મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે જનાબ મો.ઉમર અ.ગફાર ધડા તરફથી ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦, પોરબંદર જમાઅતને રૂા. ૨૫૦, ખત્રી અંજુમનને રૂા. ૨૫૦, બક્ષિસ ફંડ રૂા. ૧૦૦, તંગદસ્ત ફંડ રૂા. ૧૦૦, ઝકાત ફંડ રૂા. ૧૦૦, જનરલ સ્કોલરશીપ ફંડ રૂા. ૧૦૦, જનરલ ડે.કે. ફંડ રૂા. ૧૦૦, જનરલ ગૃહ ઉદ્યોગ ફંડ રૂા. ૧૦૦, જનરલ બેકારી ફંડ રૂા. ૧૦૦, લિલ્લાહ ફંડ રૂા. ૧૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

જેતપુરના રહીશ જનાબ રફીક હાસમ વિજળીવાઢાની નેક દુખ્તર **સાના બાનુ** ની નિકાહ જામનગરના રહીશ જનાબ કાસમ હાજી ઈબ્રાહિમ વિજળીવાઢાના નેક ફરઝંદ **મોહંમદ શફી** સાથે તા. ૧૬-૧૨-૨૦૨૪ના રોજ ઝાલોરી હોલમાં જમાઅત તથા મહેમાનોની હાજરીમાં થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હનના વાલિદ તરફથી જેતપુર જમાતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૨૫૦, ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૫૦ તેમજ જેતપુર જમાતને દુલ્હનના મોટાબાપા જનાબ અ.ગફાર મો.હુસેન વિજળીવાઢા તરફથી રૂા. ૨૫૧ બક્ષિસ મળેલ છે. દુલ્હાના વાલિદ તરફથી જેતપુર જમાતને રૂા. ૧૦૦૦, ફેડરેશનને રૂા. ૧૦૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૧૦૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦૦, ખત્રી અંજુમનને રૂા. ૧૦૦૦ તેમજ જેતપુર જમાઅતને અમીન હાજીભાઈ વિજળીવાઢા તરફથી રૂા. ૫૦૦, વાહિદ મો.હુસેન ઘુમરા-જામનગર તરફથી રૂા. ૨૦૦, સલીમ મો.હુસેન ઘુમરા-જામનગર તરફથી રૂા. ૫૦૦, ઈમરાન અ.મજીદ રાજાવાઢા-નકાલા તરફથી રૂા. ૧૦૦૦, સોયબ સલીમ મચ્છર-લુસાકા તરફથી રૂા. ૧૦૦૦, અ.અઝાક અ.કરીમ રાજાવાઢા-દુબઈ તરફથી રૂા. ૧૦૦૦, ફિરોઝ અ.અઝીઝ માંધુ-દુબઈ તરફથી રૂા. ૧૦૦૦, અસ્ફાક મો.સલીમ કાપડિયા-મુંબઈ તરફથી રૂા. ૧૦૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

જૂનાગઢના રહીશ જનાબ અલ્તાફભાઈ યુનુસભાઈ ઘુમરાની નેક દુખ્તર **રોઝીન** ની શાદી રાજકોટના રહીશ જનાબ હાસમભાઈ એ. ડોડીયાના નેક ફરઝંદ **મો.મુસ્તફા રઝા** સાથે થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હા પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૫૦૦, ઈકો ગ્રુપને રૂા. ૫૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦, અંજુમનને રૂા. ૫૦૦ તેમજ દુલ્હન પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૨૫૦, ઈકો ગ્રુપને રૂા. ૧૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦, અંજુમનને રૂા. ૧૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

જૂનાગઢના રહીશ મર્હુમ મો.હનીફ મો.સિદ્દીક ધડાની નેક દુખ્તર **અતિયા બાનુ** ની શાદી અમદાવાદના રહીશ જનાબ મો.અમીન હાસમ ગિરાચના નેક ફરઝંદ **મો.ઉવેશ** સાથે તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ જૂનાગઢ જમાઅત રૂબરૂ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હા પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૨૦૦, ફેડરેશનને રૂા. ૨૦૦, ઈકો ગ્રુપને રૂા. ૨૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૦૦, અંજુમનને રૂા. ૨૦૦ તેમજ દુલ્હન પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૨૦૦, ઈકો ગ્રુપને રૂા. ૨૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૦૦, અંજુમનને રૂા. ૨૦૦ તેમજ દુલ્હનના નાનાજાન હાજી અ.રહીમ મો.સિદ્દીક જગોત જુનાગઢવાળા તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૨૫૦, ખાદીમને રૂા. ૨૫૦ અને ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૫૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

કુવાડવા (રાજકોટ)ના રહીશ યુનુસ મામદ ધડાની નેક દુખ્તર **શહેનાઝ** ની શાદી જૂનાગઢના રહીશ જનાબ હનીફ આદમ ગિરાચના નેક ફરઝંદ **સાહિલ** સાથે તા. ૨૮-૧૨-૨૦૨૪ના રોજ રાજકોટ જમાઅત તથા મહેમાનોની હાજરીમાં થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હન પક્ષ તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૫૦૦, ખત્રી અંજુમનને રૂા. ૫૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦, ઈકો ગ્રુપને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૫૦૦ તેમજ દુલ્હનના નાની હાજીયાણી જોરાબેન અબ્દુલ રહીમ-માંગરોળ તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૦૦, ફેડરેશનને રૂા. ૨૦૦, ઈકો ગ્રુપને રૂા. ૨૦૦, અંજુમનને રૂા. ૨૦૦ તથા દુલ્હા પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૨૫૦, ઈકો ગ્રુપને રૂા. ૧૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૫૦, અંજુમનને રૂા. ૨૫૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્શતે જહાં

ધોરાજીના રહીશ નઝમા યુસુફ ડોરનો ઈન્તેકાલ તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે....
જૂનાગઢના રહીશ ફાતેમાબાઈ રહેમતુલ્લાહ મચ્છરનો ઈન્તેકાલ તા. ૨૫-૧૨-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે....

## લવાજમ

હાજી અ.ગફાર ઉમર મચ્છર-જૂનાગઢ તરફથી એક વર્ષનું લવાજમ મળેલ છે.

**મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત ‘‘ટાઈમ્સ ઓફ ખત્રી’’ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે ‘ટાઈમ્સ ઓફ ખત્રી’ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..**

**સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com**

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.